# વહી જતા આભાસનાં રેખાચીત્રો

– રમણીક અગ્રાવત

**.1.**

પાંચ હજાર વરસથી
કાચ–પેપર ઘસ્યા કરું છું આયના પર
ઝાકળપડ ભુંસવા.....

ટેરવાં ઘસાઈ ગયાં છે
નખ લીરેલીરા તોય નડે છે
છાલાં ઉતરી ગયેલો આદીમ હાથ
ઘસ્યા કરે છે ઘસ્યા કરે છે....

ક્યારેક તો એવું લાગે છે
હાથને બદલે આખેઆખા વંશવેલાથી
ખોદ્યા કર્યો છે આયનો
કે આ સમગ્ર પરીશ્રમ
              આયનાનો જ ભ્રમ છે ?

ઘસાવાનો કર્કશ અવાજ
આયનાથી આયના લગી
ખુદ આયના જેમ ખડો છે.

**.2.**

હથેળીમાં નકરી ખંજવાળ લઈ જનમ્યા નટવરલાલ
લ્યે તાળી તો લબકે ખંજવાળ
દ્યે તાળી તો ઉપડે ખંજવાળ
મુઠ્ઠી ભીંસીને બેઠા રહે તો એને ગલીગલી આઠે પ્હોર....

આમ સાજાસમા છે બે હાથ
તોય ક્યારેક ના ભીડાયે બાથ
પોતે ડાહ્યા ને વળી ડમરા, લટકામાં ઉંડી ખંજવાળ

હોય પારકાનું તોયે સમજાય
આ તો પોતીકી હથેળી કજાત
આદમી આમ સીધી લેનનો ને વળી બચરવાળ
હથેળીમાં વકરી ખંજવાળ ને અથર્યા નટવરલાલ.

.3.

આ મને ભુંસવા બેઠેલી પરીસ્થીતીની સામે
મારી નાનકડી સમજણ લઈને બેઠો છું
જાણું છું
વાર નહીં કરું તો મને હતો ન હતો કરી નાંખશે આ સમય
પણ વાર કરું છું નીયમોથી ઉફરો
મારી ઉગતી સમજણને દબાણ નહીં કરું
દબાણોની પોલી બીક સમજી લીધી છે
સમજી લીધી છે શક્યતાઓની ભરમાર
સમજી લીધી છે વેચાતી કે ભાડાપટ્ટે મળતી નીરાંત
કંઈ સાત પગ ને નવ માથાંવાળી તો નહીં હોય ને પરીસ્થીતી ?

.4.

સ્ફટીક નીર્મળી ક્ષીતીજ તગતગતો સુરજ લાલ
ગંધાસવ ચકચુર થનગનતાં વૃક્ષ અપાર.

હવા પાતળું વસ્ત્ર સુગંધી નજર ભરી લહેરાય
ઘ્રાણપ્રીયાના કેશ મનને મથે મથે લગાર.

છાતીમાં ટમક્યા કરે કંપ હજીય અનેક
ખળખળ મુઠ્ઠી ભીંસતી સંઘર્યા સ્પર્શ ડસેલ.

વહી જતા આભાસ સામટા સ્તબ્ધ ખડા રહી જાય
વીહ્વળ મનનો વેશ બાવરો ફરી ફરી ભજવાય.

.5.

અંધારાને ભુંસવા ઝુઝે ચન્દ્ર અધીર
ઝાડ તળેની ચાંદની ડ્હોળે ઝટ સમીર

ગંધ કહે કે ‘હું ચઢું’ પવન કહે કે ‘હું’
વડછડ મીઠી વેરતી રાત કહે કે ‘છું’

ઓચીન્તા જાગી પડી કોકીલ બોલે ‘કુ...’
પળને પો’રે ઠેકતો વાયરો ઝ્ભળક છું...

સન્નાટાના સાપને ચઢીયા ઘેન મદીર
જળ જપ્યાં દશ દીશનાં, કાળવતીને તીર.

## .6.

તારી આંખમાં કેટલા આયના છે ?
પળે પળ પ્રતીબીમ્બ નવીન
મને કર્યો મોહીત મારા પર !
આયનાની જેમ સાચવે છે તું મને
ગ્રસી ચસોચસ
છેક દુર જતાં ટપકું બની જાઉં
ત્યાં લગી સચવાતો જોયો છે મને
તારામાં.
મારી જ સામે હર પળે
તું મુકે મને ને મુંઝવે
વીખરાતા આભાસમાંથી વીણી વીણીને
ક્યાં લગી મને એકઠો કર્યા કરીશ....

## .7.

રાતે પથારીમાં પડતાં પહેલાં વઝુ કરું છું
આ ધુળભર્યા પગે સપનામાં નથી જવું
દીવસભરના સ્પર્શોથી ખરડાયા છે હાથ
વીવીધ વર્ણ અને લયના અવાજ
હજી ચોંટ્યા છે કાનમાં
ચામડીનાં છીદ્રેછીદ્રમાં ઘર કરી ગયેલો દીવસ
થોડોક ભુંસીને
આઠ કલાકની નમાજ આદરું છું....

## .8.

ક્યારેક મારી બા હસી પડતી
ત્યારે એના ચહેરા પર જે આભા પથરાઈ વળતી
તેવા ચળકતા લાલ રંગનું ઘર
દુર દુર દેખાય છે
એની આજુબાજુ ઝાંખાં પડી ગયેલાં સ્મરણોની ઝાંય
લાલ દીવાલો અને કેસરી છાપરાંવાળું મારું ઘર
બારીમાંથી ઢોળાતાં ફાટફાટ લીલાં આશ્ચર્યો
ગાઢા ભુરા રંગની પશ્ચાદ્–ભુમાં
સફેદ લસરકે ટપકું થતાં જતાં પંખી
દેખાય કે ન દેખાય
પણ આખાય ચીત્રને બાથમાં લઈને
હજીય મારી બા ઉભી છે
અવીચળ અવીશ્રાંત....

## .9.

લીલી લટને નેજવે હીંચે લાલમલાલ ફુલ
નાક–નમણી દાંડીએ બેઠું પતંગીયું
જ્યાં ઉડે
જાંબલી જાંબલી સપનામાં મારું
આજુબાજુનું પાતળું આયખું
સાવ સડેડાટ ગુલ....
પોપચે ઢાંકી વાત તું તો સાવ હળવે હળવે ખોલે
ઘેનલચીલાં ઘુઘવે કપોત મદનીતરતું બોલે
પાંચ પાંચ ફુલ સામટાં ખીલે
રંગ–ભભકની છોળ મચી રે
ઝાલું તો કયે હાથથી ઝાલું
કાન સોંસરવું મુખ, ને મારા હાથ ઘડીમાં ગુમ

આથમતી આ વેળા ઢળે ત્યાં
આવ તને હું અડકી
મેલું મનને સાતમે મોલ
ભીના સુરને દોરે પરોવી રોજને ટેરવે ગુંથશું ગમતા બોલ

રોજનો સુરજ રોજનો ચાંદો
રોજનું ભુલવું રોજની યાદો
ભીંજવી એમાં
ધારશું એને જાંબલી રંગનું ફુલ..

**.10.**

અક્ષરમાંથી શબ્દ થયો, શબ્દ ભયો ભૈ ભાવ,
ભાવ ભાવ ધુંટ્યા કર્યું, છેડે આવ્યો અભાવ.
અભાવ અઢળક આવતો, છલક છલકાય,
છલકીને ખાલી કરે, ભરચક ભયે મનભાવ.

અધલખ અક્ષર આળખ્યા, અધલખ સહ્યા તણાવ,
તણાવ તળાવ નીલ ભયું, શબ્દ નાવ જળ–ભાવ.

શબ્દ બાંધ્યો અક્ષર વડે, શબ્દ ભાવને ઘડે,
ઘડે ભાવ વળી શબ્દ નવા, ભાવ ધજા નવી ચડે.

**.11.**

ક્યારેક મીત્રો એમનું વધારાનું
રહસ્ય
મારી કને ઠાલવી જાય
હરખાઈને ઉપાડી લઉં ભાર
દાઢી કરી લીધા પછી
કાનમાં ચોંટેલાં સાબુફીણમાં
ઝીણા ઝીણા ઝીણા દરીયાઈ શંખ ગુંજ્યા કરે એમ
મીત્રોનું નકામું રહસ્ય કાનમાં વાગ્યા કરે
અવારનવાર.

*રમણીક અગ્રાવત*
**કવીસંપર્કઃ** 7, મુક્તાનંદ, નર્મદાનગર, 392 015– જી. ભરુચ.
**ફોન– 02642-245 172, મોબાઈલ– 96620 58243 E-mail: rgagrawat@gnfc.in**

**કવીસર્જનઃ** (1) **‘ક્ષણ કમળ’** કાવ્યસંગ્રહ (1991), પ્રકાશકઃ ભાવના અગ્રાવત, 7, મુક્તાનંદ, નર્મદાનગર, 392 015– જી. ભરુચ, પાન–40, મુલ્યઃ રુપીયા–21 (2) **‘વહી જતા આભાસનાં રેખાચીત્રો’** કાવ્યસંગ્રહ (1995), પ્રકાશકઃ ઉપર મુજબ, પાન–68, મુલ્યઃ રુપીયા–45 (3) **‘અવસર

આવ્યા આંગણે’(લગ્નગીતો) (2008) પાન– 104 મુલ્યઃ રુપીયા–140 પ્રકાશક–Arunodaya prakashan, 202 Harsh complex, Khatri pol, Opp. Pada pol, Gandhi Road, Ahmedabad, 380 001 Phone: 079-2211 4108, 079-6523 0135, Mobile- 94262 78199.

(‘**સન્ડે–ઈ–મહેફીલ**’ના આ અંકના અતીથી સંપાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ **શ્રી ગૌરાંગ ઠાકર** ( gaurang_charu@yahoo.com)નો ખુબ ખુબ આભાર...ઉત્તમ ગજ્જર)

@@@

***અને છેલ્લે...***

**.12.**

શરીરાયણ

શરીર બધું સમજે છે.
સમજદારીના ઝીણા ઝીણા ઝીણા સંદેશા
માંહ્યોમાંહ્ય વહ્યા કરે શરીરમાં અવીરત.
જરાક જેટલુંય વાંકું પડે ત્યાં
વીરોધનો સુર વહેતો મુકે શરીર.
ને આપણે –
શરીરમાં રહીનેય
        જાણે શરીરની સામે !
વીતે વરસોનાં વરસ શરીરમાં
તેની જરાયે પીછાણ વીના
પોતાના શરીર બહાર નીકળ્યાં જ નથી જે કદી
એ શું જાણે શરીરને ?
શરીર પાર જવાની હામ ખોઈ બેઠેલા
        વળગી રહે માત્ર ટેવને, ઈચ્છાને.
જનમ–મરણના બે કાંઠા વચ્ચે
વહે સરસર વહેણ
ઘટનાઓનાં ઝાંખરાં, ફીણ,
બનાવોનાં જાળાં, ભાતભાતનાં અફીણ,
લાગણીઓના સ્રાવ
અને નકરું લાવલાવલાવનું ઘમસાણ
અનન્ત સમયની અવધીમાંથી
વેતરી લે શરીર
        એનો ટચુકડો પનો..

*કવી રમણીક અગ્રાવતની આ તાજી કૃતી, ‘ગુજરાતી સાહીત્ય પરીષદ’ના મુખપત્ર ‘પરબ’ના એપ્રીલ, 2010ના અંકના પાન 8 પરથી સાભાર..*

@@@

**'સન્ડે ઈ–મહેફીલ'** – **વર્ષ**: પાંચમું – **અંક**: 192 – May 23, 2010

**'ઉંઝાજોડણી'**માં સાભાર અક્ષરાંકનઃ **સુનીલ શાહ** - sunilshah101@gmail.com

@@@@@

હવે 'સન્ડે ઈ–મહેફીલ' સાપ્તાહીક નથી રહી શકી.. તે પાક્ષીક બની છે.

2005થી સતત ચાલતી રહેલી આ બહુરંગી 'વાચનયાત્રા' હજીયે અવીરત ચાલુ જ છે. 'સન્ડે ઈ–મહેફીલ'ની મનગમતી કૃતી વાંચવા કે તેની પીડીએફ ડાઉન લોડ કરવા http://gujaratilexicon.com/index.php?action=downloadSeM ની મુલાકાત લેવા વીનંતી.

તદ્‌પરાંત અમે, પચીસ–પચીસ 'સ.મ.'ની પીડીએફની એક, એવી સાત ઝીપફાઈલ બનાવી છે.. જેમને ડાઉનલોડ કરવું ન ફાવે તે અમને uttamgajjar@gmail.com પર લખશે તો અમે એક પછી એક તે સાતેય ઝીપ ફાઈલ તમને મોકલી શકીશું. અને આમ, તમારી પાસે **175 'સ.મ.'**ની પીડીએફનો સંગ્રહ અવકાશે વાંચવા અને મીત્રોને મોકલવા સુલભ બનશે

@#@#@#@

## *'લખે ગુજરાત'*

ગુજરાત રાજ્યની સ્થાપનાને પચાસ વર્ષ થયાં. 'સ્વર્ણીમ ગુજરાત'નો આ મહોત્સવ આખું વર્ષ ઉજવાશે. સાથે સાથે 'વાંચે ગુજરાત'ની પણ એક જોરદાર મુહીમ ઉપડી છે. ઈન્ટરનેટ પર મળતા રહેતા આપણ સૌ મીત્રો શું કરી શકીએ 'ગુજરાત' અને 'મા ગુર્જરી'ની સેવામાં ? આપણે કમ્પુટરના સ્ક્રીન પર 'લખે ગુજરાત'ની ઝુમ્બેશ ઉપાડીએ તો ?

કમ્પ્યુટર પર કામ કરતો એકેએક ગુજરાતી ગુજરાતીમાં લખતો થાય તોય મોટી સેવા થશે. ઘણા શીખ્યા જ છે; પણ હજી ઘણા બાકી છે. ક્યાંક લખીને અહીં ગુજરાતીમાં ચોંટાડવું પડે એ ઝંઝટમાંથી મુક્તી મેળવવા અમે તૈયારી કરી છે. તમે કઈ વીન્ડો(એક્સપી–વીસ્ટા કે એપલ–મૅક) વાપરો છે તે તથા તમારું ઠામ–ઠેકાણું લખી અમને એક મેઈલ uttamgajjar@gmail.com પર કરો. બધી સામગ્રી તમને એક ઝીપ ફાઈલમાં મોકલી આપીશું. ઈન્સ્ટોલ કરો કે કરાવો અને લખતા થઈ જાઓ. તમે ગુજરાતીમાં લખતા નહીં થઈ જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે રહીશું..

**Ratilal Chandaria, e-mail:rpchandaria@comcraft.com**

**'સન્ડે ઈ–મહેફીલ'** – **વર્ષ**: પાંચમું – **અંક**: 192 – May 23, 2010

**'ઉંઝાજોડણી'**માં સાભાર અક્ષરાંકનઃ **સુનીલ શાહ** - sunilshah101@gmail.com

@@@@@